# પ્રકરણ-૫

# ધીરુબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનાં સૂચિત નિરાકરણો અને તેનું વિશ્લેષણ

# પ્રકરણ-૫

# ધીરૂબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનાં સૂચિત નિરાકરણો અને તેનું વિશ્લેષણ

## પ્રસ્તાવના

ભાવનાત્મક સંઘર્ષ એટલે બે અથવા તેથી વધુ જૂથ કે વ્યક્તિઓ વચ્ચે પ્રત્યક્ષ અથવા પરોક્ષ વિવાદની સ્થિતિ. આ સંઘર્ષ એવી પ્રક્રિયાત્મક પરિસ્થિતિ છે કે જેમાં બે અથવા તેથી વધુ વ્યક્તિઓ કે સમૂહો પરસ્પરના હેતુઓને નિષ્ફળ બનાવવાના તથા પરસ્પરનાં હિતોની પરિપૂર્તિને અવરોધવા સક્રિય કરે છે. દરેક સંઘર્ષ માટે મુખ્ય તબક્કાઓ અલગ પડે છે, જેમાં વિવિધ લક્ષણો, ક્રિયાઓ અને તેમની પોતાની લાક્ષણિકતાઓ હોય છે. પ્રથમ તબક્કો એ સંઘર્ષનો ઉદ્દભવ છે, જેમાં વિવિધ મંતવ્યો રચાય છે અને સંઘર્ષ માટેનું કારણ ઊભું થાય છે. બીજો તબક્કો સંભવિત સંઘર્ષનો છે, જેમાં વ્યક્તિ પહેલાંથી જ સ્થિતિનો સ્વીકાર કરી લે છે. ત્રીજા તબક્કામાં વિવિધ પરિબળોને કારણે તકરાર થતી હોય છે. અંતિમ તબક્કો એ સંઘર્ષના ઉકેલનો છે, જે સંઘર્ષના પરિણામો છે. વ્યક્તિઓ એકબીજા સાથે અસમંત હોય ત્યારે સંબંધોમાં તકરાર થાય છે. આ સંબંધી તકરાર વ્યક્તિઓને નકારાત્મક અને શંકાસ્પદ બનાવે છે. આ સંઘર્ષનો આધાર વ્યક્તિગત, વંશીય, જાતિ વગેરે આધારે હોઈ શકે છે.

વ્યક્તિ ધારણાઓ, અપેક્ષાઓ, અને કલ્પનાઓમાં રાચતો હોય છે. જ્યારે વધુ પડતી ઇચ્છાઓ અને અપેક્ષાઓ દુ:ખને નોતરે છે. ધારણાઓ પરિપૂર્ણ થાય તો એટલું સુખ મળતું નથી, કારણ કે અપેક્ષાઓ સુખદ કરતાં દુ:ખદ વધારે હોય છે. હકીકતમાં

પરિસ્થિતિ પલટાયા કરે છે. જે આપણને અનુકૂળ હોય તે સુખ લાગે છે જે પ્રતિકૂળ હોય તે દુ:ખનો અનુભવ કરાવે છે. પરંતુ કોઈ માણસ આખો દિવસ ક્રોધમાં કે વ્યગ્રતામાં રહી શકે નહીં. ભાવનાઓનો ઉભરો જેટલો ઝડપથી આવે છે એટલો ઝડપથી શમી પણ જાય છે. સમય અને સંજોગો પ્રમાણે ભાવના પળે પળે બદલાતી રહે છે.

કોઈ પણ કપરી પરિસ્થિતિથી ગભરાઈ જવાનું નથી અને એમ કરવાથી કાંઈ વળવાનું નથી. આખરે મુસીબતને સામનો કર્યે જ છૂટકો છે. પછી તે સ્ત્રી હસતા મોઢે પડકારને સ્વીકારે કે દુ:ખી થઈને પીડા સહન કરે. કેટલીક વખત માણસ ખોટા વિચારો કર્યા કરે છે. ભાવનાત્મક સંઘર્ષની અસર વ્યક્તિગત અનુભવોના સ્તરે થાય છે, એટલે કે એમાં ભાવનાઓ, મૂલ્યો અને દૃષ્ટિકોણ શામેલ છે. સંઘર્ષનું નિરાકરણ પરસ્પરની સંમતિ કાં તો પરિસ્થિતિનો સ્વીકાર કરીને આવે છે.

સંઘર્ષની પરિસ્થિતિ દરમિયાન એવું માનવામાં આવે છે કે આ નિર્ણયથી દરેકને ફાયદો થશે તેવો કોઈ રસ્તો હોતો નથી. પરંતુ જ્યારે કોઈ એક બાબત પર સહમતિ ન આવે તેવી પરિસ્થિતિમાં સંઘર્ષનું નિરાકરણ આવતું નથી. મનોવૈજ્ઞાનિક સ્થિતિનું વિશ્લેષણ કરીને અને તેના સારને સમજવાથી સંઘર્ષનું નિરાકરણ સમજી શકાય છે.

આ ભાવનાત્મક સંઘર્ષ જાગરૂકતા વધારે છે અને આગળ જવા માટે વધુ સારો માર્ગ શોધવાનું કારણ પ્રદાન કરે છે. પરંતુ સંઘર્ષનો અનુભવ દરેક વ્યક્તિને અલગ અલગ થાય છે અને તેને અસરકારક રીતે હલ કરવા કે નહીં તે વિશે તેની પસંદગી છે. સંઘર્ષને બિનઅસરકારક રીતે નિયંત્રિત કરવામાં આવે તો, સંઘર્ષ ઝડપથી વ્યક્તિગત અણગમામાં ફેરવી નાખે છે, અને સંબંધોમાં ભંગાણ આવી શકે છે. સ્ત્રીપાત્રો સંઘર્ષમય પરિસ્થિતિના કારણે નિરાશા, પીડા, અફસોસ, ભય, ઇર્ષ્યા, ક્રોધ, ધૃણા કે અણગમો જેવી ભાવનાઓનો અનુભવ કરે છે. વાર્તાકારના વાર્તાવિશ્વમાં ઘણાં સ્ત્રીપાત્રો સંઘર્ષનો સ્વીકાર

કરીને જીવન જીવતી જોવા મળે છે, તો ઘણી સ્ત્રીઓના સંઘર્ષનું શમન થાય છે. ઘણી સ્ત્રીઓ સંઘર્ષનો સામનો કરતી જોવા મળે છે.

## જૂથ-૧: નિરાશા

ભાવનાત્મક સંઘર્ષની પરિસ્થિતિ દરમિયાન સ્ત્રીપાત્રો નકારાત્મક સંવેદનાઓનો અનુભવ કરે છે. આ સ્ત્રીપાત્રો પોતાના જીવન દરમિયાન બીજી વ્યક્તિઓ પાસે અપેક્ષાઓ રાખતી હોય છે, કાં તો જીવનમાં કંઈક મેળવવાનું ધ્યેય રાખે છે. આ ધ્યેય કે અપેક્ષાઓ પૂર્ણ ન થવાથી નિરાશા અનુભવે છે. નિરાશાની સંવેદના દરમિયાન સ્ત્રીપાત્રો લાચાર અને એકલી પડી જાય છે.

વાર્તાકારના વાર્તાવિશ્વમાં જોઈએ તો, સ્ત્રીપાત્રો પ્રેમી સાથે લગ્ન ઝંખતી હોય છે. એ ઝંખના પૂર્ણ ન થઈ શકવાથી નિરાશા અનુભવે છે. જેમાં ઘણી સ્ત્રીઓ પરિસ્થિતિનો સ્વીકાર કરીને ચાલે છે, તો ઘણી સ્ત્રીઓ પરિસ્થિતિનો સામનો કરતી જોવા મળે છે. પોતાના પતિનો વિશ્વાસ જીતવામાં અસફળ બનતી સ્ત્રીઓ પણ છે. પિયરમાં મા સાથે રહેવાના ઘણા સંકલ્પો સાથે રહેવા આવતી સ્ત્રી સામે વિપરીત પરિસ્થિતિ ઊભી થાય છે. જેથી તે પતિ પાસે જવાનો નિર્ણય કરી ઘરમાંથી ચાલી જતી જોવા મળે છે. પોતાનાં સ્વપ્નોને પૂર્ણ કરવા સ્ત્રી પતિની વિરુદ્ધ જાય છે.

ઘણી સ્ત્રીઓ ભણવાની ઇચ્છા ધરાવતી હોય છે, પરંતુ જૂનવાણી વિચારોના કારણે તેની ઇચ્છા પૂર્ણ થતી નથી. પતિના કારણે સ્ત્રીને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડે છે, પરંતુ એ જ પતિ માટે કોઈ અપશબ્દો બોલે તે સહન ન કરતી સ્ત્રી પણ જોઈ શકાય છે. જેમાં સ્ત્રી સંઘર્ષનો સામનો કરી જીવન જીવતી જોવા મળે છે.

આ જૂથમાં સંઘર્ષનું શમન થતી વાર્તાઓને તીવ્રતા પ્રમાણે પ્રથમ મૂકી છે. ત્યારબાદ સંઘર્ષનું નિરાકરણ ન આવતી વાર્તાઓને તીવ્રતા મુજબ ગોઠવણી કરી છે, જે નીચે મુજબ છે.

'ગોદડી' ('જાવલ', ૨૦૦૧)

લાજુ મનમાં ઘણા સંકલ્પો લઈને પિયર આવે છે. મા બીમાર હોવા છતાં દારૂડિયા પતિ માટે ગોદડી બનાવ્યા કરે છે. લાજુની અપેક્ષાથી વિપરીત પરિસ્થિતિ ઊભી થાય છે. માનું આવું વર્તન જોઈ લાજુ સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે. તે નિરાશ થાય છે. ઘણી માનસિક મથામણ પછી લાજુ માને તબિયત સાચવવાનું કહીને ચાલી જાય છે. જુઓ;

"લાજુ ઘરમાંથી નીકળી. મોંએથી બોલી ન શકી, 'મા, તું જીવજે. ગમે એમ કરીને જીવજે...મારે માટે અને તારે માટે પણ!' માત્ર હાથ ઊંચો કરીને ચાલી ગઈ." (પૃ. ૧૦૬)

લાજુના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે

'તરુ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

તરુ માટે તેની માએ મેટ્રિક નાપાસ મુરતિયો પસંદ કર્યો હતો. તરુ મેટ્રિકથી આગળ ભણે એ તેની માને પસંદ ન હતું. આ સહન ન થતાં તરુના શિક્ષક સમજાવવા આવે છે. ગુરુ-શિષ્ય જેવા પવિત્ર સંબંધ પર તરુની મા શંકા કરે છે. તરુના શિક્ષક ઉત્તર આપ્યા વગર ચાલી નીકળે છે. તરુ માતાના નિર્ણયનો વિરોધ કરતી નથી. તે પરીક્ષા ન આપવાનો નિર્ણય કરે છે. જુઓ;

"તેથી જ જુઓને, નક્કી કર્યું છે કે પરીક્ષામાં એકાદ પેપર કોરો આપવો કે આવતે વર્ષે સ્કૂલમાં તો સ્કૂલમાં, પણ ભણવા અવાય." (પૃ. ૧૪૨)

વાર્તાકારે તરુને સંઘર્ષનો સ્વીકાર કરતી દર્શાવી છે.

'એક છોકરીનું સ્મિત' ('ટાઢ', ૧૯૮૭)

કૌશાંબી સરળ અને હસમુખ સ્વભાવની છે. તેના સ્વભાવને કારણે મા અને વૈશાલી તેને ટોક્યા કરે છે. કોઈ સાથે બોલવા દેવામાં આવતી નથી. કૌંશાબી જાણતી હતી કે ઘરમાં કોઈ તેને પસંદ નથી કરતું. જુઓ;

"...પોતે જાણતી હતી કે માને તે સારી નહોતી લાગતી. બાપુને નહીં, વિશુને નહીં, ઘરમાં કોઈને નહીં. બહારના લોકો કહે તેથી શું?" (પૃ. ૧૨૭)

કૌશાંબી મા-બહેનના કહ્યા મુજબ જ જીવન જીવવાનું નક્કી કરી સંઘર્ષનો સ્વીકાર કરે છે.

'લક્ષ્મણરેખા' ('જાવલ', ૨૦૦૧)

શંકુતલા મરાઠી છે. તેને ગુજરાતી ડૉક્ટર સાથે પ્રેમ થાય છે. બંને લગ્ન કરે છે. લગ્ન બાદ શંકુતલા ગુજરાતી શીખવાનો પ્રયત્ન કરે છે. પતિ અને સંતાનો શંકુતલાની મશ્કરી કરે છે. પતિ મહત્વ ન આપતાં શંકુતલા ઘર છોડવાનો નિર્ણય લે છે. શંકુતલા સંઘર્ષનો સામનો કરે છે.

"શંકુતલાને મારે શોધવી છે–જે મિસ ભાગવત નથી, મિસિસ મહેતા નથી, માત્ર સ્કૉલર નથી, માત્ર પત્ની નથી. એ શંકુતલા કે જેને ઈશ્વરે પોતાને હાથે ઘડી હતી." (પૃ. ૧૫૧)

આ રીતે તે ઘર છોડી પોતાના સ્વને ઓળખવા માગે છે.

'ધીમું ઝેર' ('એક લહર', ૧૯૫૭)

લીલા પ્રભાતને જ પરણવાની જીદ કરતી હતી. પરંતુ તેના પિતા વિરોધ કરે છે. લીલાને તેના કાકા વૈભવી જીવન જીવવાની ટેવ પડાવે છે. અંતે તે ગરીબ પ્રભાત સાથે લગ્ન ન કરવાનો નિર્ણય છે. જુઓ;

"જરા સંકોચાતા પણ નીડર સૂરે કહી દીધું. "પેલો વિચાર મેં માંડી વાળ્યો છે, રુચિરાબહેન કહી દેજો." (પૃ. ૩૧)

પ્રભાત પણ લીલાના લગ્ન ન કરવાના નિર્ણયનો સ્વીકાર કરી બંને છૂટા પડે છે.

'બીજી મધુરજની' ('એક લહર', ૧૯૫૭)

લલિતા કુટુંબની સેવામાં જ સમય વ્યતીત કરે છે. જ્યારે તેને પતિ સાથે કલકત્તા રહેવાનો મોકો મળે છે, ત્યારે બંને ખુશીથી જીવે છે. તેઓ રૂપિયા ઘરે ન મોકલતાં સાસુ અને તેના જેઠ લલિતા પર આક્ષેપો કરે છે. ઘરે પરત ફરવાનું આમંત્રણ આવી જાય છે. લલિતા નિરાશ થાય છે. પરંતુ મોતીભાઈ ઇન્કાર કરે છે. થોડા સમય બાદ મોતીભાઈ નોકરી છોડી બંને સાથે ઘરે જાય છે. લલિતાના સંઘર્ષનું શમન થાય છે. જુઓ;

"પહેલાંની માફક જ બંને કામકાજમાં વ્યસ્ત રહેતાં પણ આંખેઆંખ મળે ત્યારે દેખાતી પ્રીતિની ઝલક જીવનને મધુર બનાવી દેતી મોડેથી આવેલી એ બીજી મધુરજની પૂરી થવા થોડી જ આવી હતી?" (પૃ. ૧૨૯)

'વિશ્રંભકથા' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

મંગળા વિનાયકને પ્રેમ કરતી હતી. તેની સાથે પરણી શકી નથી. તે જનકરાય સાથેના લગ્નને નિભાવ્યે રાખે છે. ઘરના સભ્યોના કહ્યા મુજબ કામ કરીને જીવન જીવ્યા કરે છે. મંગળાની તેના પ્રેમી સાથે પરણવાની ઇચ્છા પૂર્ણ થતી નથી. વાર્તાકારે મંગળાને સંઘર્ષનો સ્વીકાર કરતી દર્શાવી છે. જુઓ;

"કોઈ દિવસ કોઈ ચીજ તેણે પોતાની મરજીથી કરી હોય કે કોઈના કહેવાનો વિરોધ કર્યો હોય એવું વિશ્વાસને યાદ નથી." (પૃ. 3)

આ રીતે મંગળા પતિ સાથે જીવન જીવ્યા કરે છે.

'સોનેરી પક્ષીનું પીંછું' ('ટાઢ', ૧૯૮૭)

નાયિકા દંભી વ્યવહારમાં, ચીલાચાલુ રાચતી દુનિયામાં જીવ્યા કરે છે. તે કહે છે કે,

"આ દુનિયા જેવી છે તેવી મને ફાવી ગઈ છે." નાયિકા દંભી દુનિયાનો સ્વીકાર કરી જીવ્યા કરે છે.

નાયિકા વિચારે છે કે, પોતાને પતિ, બાળકો, સમાજ, પ્રતિષ્ઠા બધું જ છે. તે દુનિયાથી કંટાળી હોવા છતાં તેને જીવવું પડશે. આવું જીવન જીવવાની નાયિકાને ટેવ પડી ગઈ છે. મલય આવી દુનિયાથી દૂર જવાની વાત કરે છે. પોતે એમ કરી શકવાની નથી એમ વિચારી વાર્તાનાયિકા સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે.

"હું તો એક સુખી ગૃહિણી છું. શાંત અને સ્વસ્થ. મારે અતુલ છે, અલકા છે, ઘર છે, સમાજ છે, પ્રતિષ્ઠા છે, દુનિયાથી ગમે તેટલી કંટાળું તોયે હું મલયની માફક મોકળે મને કહી શકવાની નથી, બહેતર છે કે દુનિયા ચાલતી બંધ થઈ જાય!" (પૃ. ૬૨)

નાયિકા સંઘર્ષની પરિસ્થિતિનો સ્વીકાર કરીને  જીવન જીવે છે.

'સત્તરમી વસંત' ('જાવલ', ૨૦૦૧)

આશા અને અમોલા વચ્ચે અતૂટ સંબંધ છે. અમોલા બિરજુને પ્રેમ કરે છે. અમોલા પોતાનું ઘર છોડીને આશા પાસે આવી પહોંચે છે. આશા બિરજુ વિશે જાણીને દુ:ખી થાય છે.

આશા અમોલાના સારા ભવિષ્ય માટે બિરજુ વિશે સવાલો કરે છે. અમોલાને માસી આશાનું આ વલણ ગમતું નથી. આશા સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે. આશા જાણે છે કે હવે તેની અને પોતાની વચ્ચે પહેલાં જેવો સંબંધ નહી રહે એ વિચારી સંઘર્ષનો સામનો કરે છે.

"જે સત્તરમી વસંતે અમોલાની દૃષ્ટિમાં સ્નેહનું અંજન આંજી દીધું હતું તેનાથી હું ઘણી બધી દૂર નીકળી ગઈ હતી." (પૃ. ૧૦૧)

આશા જાણે છે કે પોતાના નિર્ણયથી અમોલાને દુ:ખ થશે, છતાં આશા સંઘર્ષનો સામનો કરે છે.

'કંકુચોખા' ('જાવલ', ૨૦૦૧)

ચૈતાલી કિંજલને પ્રેમ કરે છે. મા તેના લાંબા વાળને કારણે વિરોધ ઉઠાવે છે. મા-દીકરી વચ્ચે સંઘર્ષ થાય છે. કિંજલ ઘરે આવે છે. તેને જોઈ મા નવાઈ પામે છે. કિંજલના એકદમ ટૂંકા અને ચોખ્ખા કરાવેલા વાળ જોઈને મા ખુશ થઈ જાય છે. ચૈતાલીને કિંજલ સાથે લગ્ન કરવાની મંજૂરી આપી દે છે. જુઓ;

"અનસૂયાબહેને વિસ્મયભરી હરખઘેલી નજરે કિંજલને જોઈ લીધો – અરે, જોયા જ કર્યો." (પૃ. ૨૦૨)

આ રીતે વાર્તામાં ચૈતાલીના સંઘર્ષનો સુખદ અંત આવે છે.

'દીકરીનું ધન' ('એક લહર', ૧૯૫૭)

શકુંતલા ચોવીસ વર્ષની થાય છે. તેને પરણવાની તીવ્ર ઇચ્છા છે. વસુમતીબહેન શકુંતલા માટે સગાઈની વાત કરે છે. શકુંતલાની મા અસ્વીકાર કરે છે. તેની મા કહે છે કે, કાલે જયંત મોટો થઈને ઘરની જવાબદારી લઈ લેશે ત્યારે લગ્ન કરી નાખીશું. તે કમાઈને ધન લાવે છે, જે મા બાપને સ્વીકાર્ય છે અને ઉપરથી મન મનાવવા અને સમાજમાં મોભો બતાવવા તેના લગ્નમાં કશું લેવાનું નથી એવો દેખાડો કરે છે. દીકરીનો પૈસો ગાયની માટી બરાબર ગણે છે. શંકુતલાની લગ્નની ઇચ્છા પૂર્ણ ન થવાથી તેના સંઘર્ષનું શમન થતું નથી.

'નો કૉમેન્ટસ' ('જાવલ', ૨૦૦૧)

શ્વેતાની બંગળી ચોરાઈ જવાની ઘટના પર કુણાલને (પતિ) વિશ્વાસ આવતો નથી. કુણાલના ઉપરી અધિકારી સાથે પણ આ વશીકરણની ઘટના બને છે. આ વાત જાણી કુણાલને પસ્તાવો થાય છે. તે શ્વેતાની માફી માગે છે. શ્વેતા કહે છે કે,

"બીજું તો કંઈ નહીં કુણાલ. મને એ વિચાર આવે છે, બીજા માણસના અનુભવથી જ તમને ખાતરી થઈને કે હું સાચું કહેતી હતી?" (પૃ. ૩૧)

શ્વેતાના ઘણા સમજાવવા છતાં કુણાલ વિશ્વાસ કરતો નથી. એ જ ઘટના અધિકારી સાથે બને છે ત્યારે કુણાલ શ્વેતા પર વિશ્વાસ કરે છે. આ ઘટનાથી શ્વેતાને ખૂબ જ દુ:ખ થાય છે. તેના મનમાં આ વાત ખટક્યા કરે છે.

'માતૃભક્ત' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

વહુ કામમાં વ્યસ્ત હોવાથી સાસુને કામની ના પાડે છે. સાસુ વહુ પર ગુસ્સે થાય છે. તે કહે છે કે આજકાલની વહુઓ કેવી કહ્યામાં રહેતી નથી. બંને વચ્ચે ઝઘડો થાય છે.

કાશીમામા કોઈનું દિલ ના દુભાય એ વિચારીને પત્નીને મારવાનું ખોટું નાટક કરે છે. જેથી મા ને પણ ખોટું ના લાગે. અહીં સંઘર્ષનો સુખદ અંત આવે છે.

'નર્તનમૂર્તિ' ('એક લહર', ૧૯૫૭)

નૃત્યના કારણે વેણુનું લગ્ન ગોઠવાતું નથી. તેના પિતા શિક્ષિત યુવાન સાથે લગ્ન કરાવે છે. લગ્ન થવાથી વેણુની નિરાશાનું શમન થતું જોવા મળે છે. લગ્ન બાદ પતિ દ્વારા નૃત્યની સંમતિ ન મળવાથી એનાં સ્વપ્નો તૂટવા લાગે છે. તેની અપેક્ષાઓ પૂર્ણ ન થવાથી વેણુના સંઘર્ષનું શમન થતું નથી. જુઓ;

"પળ માત્રને માટે જાગી ઊઠેલી એ સ્વપ્નસૃષ્ટિને વિલીન થતાં જોઈ રહેલી વેણુ એવી તો તન્મય થઈ ગઈ હતી કે પતિએ બે વાર પૂછ્યું, 'બોલ, હું પાસ કે નાપાસ?' તોયે જવાબ આપી શકી નહીં." (પૃ.૧૮૧)

'ઘરનું માણસ'  ('ટાઢ', ૧૯૮૭)

સાધુપત્ની પોતાનું ઘર ચલાવવા જાતે મહેનત કરે છે, જ્યારે સાધુ ઘરની જવાબદારીઓથી ભાગી જઈને હનુમાનજીનો ભક્ત બને છે, છતાં પણ તે પોતાના પતિનું અપમાન સહન કરી શકતી નથી. તે કામ કરીને પોતાનું ઘર ચલાવે છે. સાધુપત્ની સંઘર્ષનો સ્વીકાર કરી જીવન જીવે છે. જુઓ;

"હું ફાવે ઈ કઉં, મારું ઘરનું માણહ છે! તમારે હું?" (પૃ. ૧૦૮)

'દૃષ્ટોદૃષ્ટ' ('ટાઢ', ૧૯૮૭)

કાશીમાના પતિનું મૃત્યુ થાય છે. તેમની પાસે અંતિમ વિધિ કરવા માટે રૂપિયા નથી. તેના ઉપાય માટે કાશીમા મજૂસમાં સંઘરેલી રામતુલસી વેચવા કાઢે છે. એમાંથી જે રૂપિયા આવશે એના વડે લૌકિકક્રિયાની વિધિ કરવાનું નક્કી કરે છે. રામતુલસી ખોટી નીકળતાં કાશીમા સંઘર્ષ અનુભવે છે. જેનું શમન થતું નથી. જુઓ;

"તુલસી તો હાવ ખોટી નેહરી! બે જ રૂપિયા આયા તે ખાધા પીધામાં વપરાઈ જ્યા!"  એક વિપળ મા દીકરાની નજર મળી." (પૃ. ૧૬૪)

કાશીમા આર્થિક પરિસ્થિતિના કારણે સંઘર્ષમાંથી મુક્ત થતાં નથી.

'એક વખત' ('જાવલ', ૨૦૦૧)

પરાશર અને સુષમા ઘરડા થઈ ગયાં છે. સુષમા પોતાના પ્રેમી ઇન્દુ વેદને ભૂલી શકી નથી. સંજોગોવશાત તેની સાથે લગ્ન થઈ શકતાં નથી. સુષમા પોતાના પસંદગીના પાત્ર સાથે પરણી ન શકવાથી નિરાશા અનુભવે છે. સુષમાના સંઘર્ષનું નિરાકરણ નથી. તે ઘરડી થઈ ગઈ હોવા છતાં ઇન્દુ વેદને ભૂલી શકતી નથી. જુઓ;

"હું માનતી હતી કે ભુલાઈ ગઈ છે!' સુષમા એટલા જ ધીમા અવાજે બોલી એ કદાચ પરાશરને નહીં, પોતાની જાતને જ કહી રહી હતી." (પૃ. ૪૮)

સુષમા પોતાના પસંદગીના પાત્રને પરણી શકી નથી. એ વાતનું દુ:ખ છે.

'મગમાળા' ('જાવલ', ૨૦૦૧)

શાલિની મગમાળા ખરીદવા કરકસર કરીને રૂપિયા ભેગા કરે છે. સુરેશ શાલિની માટે સોનાની સાંકળી લઈને તેને પહેરાવે છે. શાલિનીની નાનપણથી મગમાળા ખરીદવાની ઇચ્છા હતી તે પૂર્ણ થઈ શકી નથી. જુઓ;

"સુરેશ બોલ્યે જતો હતો અને શાલિનીની આંખમાંથી મોટાં મોટાં આંસુ સરીને મગમાળાના મણકાની જેમ ગળા આગળ અડોઅડ ગોઠવાતાં હતાં." (પૃ. ૧૯૫)

ઉપર્યુક્ત જૂથની વાર્તાઓમાં સંઘર્ષના નિરાકરણ અલગ-અલગ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. 'ગોદડી' વાર્તાની નાયિકા ઘણી અપેક્ષાઓ સાથે પિયરમાં મા પાસે રહેવા આવે છે. તેનાથી વિપરીત પરિસ્થિતિ ઊભી થતાં નાયિકા સાસરે પરત ફરે છે. પોતાના પ્રેમી સાથે લગ્ન ન કરી શકતી સ્ત્રીઓ 'સત્તરમી વસંત' અને 'ધીમું ઝેર' વાર્તામાં જોઈ શકાય છે. જેમાં નાયિકા લગ્ન ન ન કરવાનો નિર્ણય કરે છે. 'કંકુચોખા' વાર્તામાં નાયિકા પરિસ્થિતિનો સામનો કરી પ્રેમી સાથે લગ્ન કરવાનું નક્કી કરતી જોવા મળે છે. 'લક્ષ્મણરેખા' વાર્તામાં નાયિકાના ભણવાના સ્વપ્નોને પતિ સફળ ન થવા દેતો નથી. જેથી તે સ્વતંત્ર જીવન જીવવાનો નિર્ણય લેતી નજરે પડે છે. 'સોનેરી પક્ષીનું પીંછું' વાર્તામાં નાયિકા ઘરની જવાબદારીઓના કારણે પોતાની ઇચ્છાઓનો ત્યાગ કરતી જોવા મળે છે.

આ જૂથમાં 'દીકરીનું ધન', 'નો કૉમેન્ટ્સ', 'મગમાળા', 'નર્તનમૂર્તિ', 'એક વખત', માતૃભક્ત', 'ઘરનું માણસ', 'દૃષ્ટોદૃષ્ટ' વાર્તાઓમાં સ્ત્રીઓના સંઘર્ષનું નિરાકરણ પ્રાપ્ત થતું નથી. લગ્નની તીવ્ર ઇચ્છા ધરાવતી 'દીકરીનું ધન' વાર્તાની નાયિકાના સંઘર્ષનું નિરાકરણ પ્રાપ્ત થતું નથી. 'નો કૉમેન્ટ્સ' વાર્તામાં પતિ વિશ્વાસ ન કરતાં પત્નીના

સંઘર્ષનું નિરાકરણ પ્રાપ્ત થતું નથી. બાળપણથી મગમાળા લેવાની ઇચ્છા ધરાવતી સ્ત્રી વૃદ્ધ થઈ હોવા છતાં પૂર્ણ થતી નથી. નૃત્યનો શોખ ધરાવતી સ્ત્રીને પતિ ઇન્કાર કરતાં 'નર્તનમૂર્તિ'ની નાયિકાના સંઘર્ષનું નિરાકરણ પ્રાપ્ત થતું નથી. આ રીતે નિરાશાની ૧૮ વાર્તાઓમાંથી ૧૦ વાર્તાઓમાં સ્ત્રીઓના સંઘર્ષનું નિરાકરણ પ્રાપ્ત થાય છે, જ્યારે ૮ વાર્તાઓમાં સ્ત્રીઓના સંઘર્ષનું શમન થતું નથી

## જૂથ-૨: પીડા

વ્યક્તિ જીવનની અંગત વ્યક્તિને ગુમાવી દેવાથી કાં તો વ્યક્તિથી દૂર થઈ જવાથી પીડાનો અનુભવ કરે છે. આ પીડા અનુભવતી સ્ત્રીઓનો સંઘર્ષ ક્ષણિક પણ હોઈ શકે છે, કાં તો લાંબી અવધિનો પણ હોઈ શકે છે. અંગત વ્યક્તિનું મૃત્યુ થવાથી વ્યક્તિ ઘણા સમય સુધી પીડામાંથી બહાર નીકળી શકતી નથી. હા, સમય જતાં એ પીડાની તીવ્રતા ઓછી થઈ શકે છે.

વાર્તાકારના વાર્તાવિશ્વમાં ઘણી પીડાનો અનુભવ કરતી જોવા મળે છે. પીડામાંથી બહાર નીકળતી સ્ત્રીઓ 'કવિના પ્રેમપત્રો', 'અંધારી રાત', સંયોગ', 'આશા', 'અનાથાશ્રમની કન્યા', 'તંતુ', 'લિપસ્ટિક', 'નર્મદા', 'ગઈકાલની ખાનદાની' વાર્તાઓમાં જોઈ શકાય છે. પોતાના પ્રેમી સાથેના વિયોગથી પીડા અનુભવતી સ્ત્રીઓ પોતાનો માર્ગ કાઢતી નજરે પડે છે. પોતાના સંતાનોના કારણે થતી પીડામાંથી મુક્ત થતી જોવા મળે છે. આ જ રીતે મા-દીકરી, પતિ-પત્નીના સંબંધોમાં થતા સંઘર્ષનું શમન જોવા મળે છે.

પીડાના આ જૂથમાં નિરાકરણ ન મેળવી શકતી સ્ત્રીઓ પણ છે. જેમાં 'રક્ષાબંધન', 'જાવલ', 'અવસર ચૂક્યા મેહુલા', સોનાનું ઘડિયાળ', 'કૂંપળ' વાર્તાઓમાં સ્ત્રીઓના સંઘર્ષનું નિરાકરણ નથી. આ વાર્તાઓમાં નાયક અને નાયિકાના લગ્ન ન થઈ

શકવાથી પીડામાંથી મુક્ત થઈ શકતી નથી. 'રક્ષાબંધન' વાર્તામાં સાસુ-વહુના સંબંધોમાંથી થતી પીડાનું નિરાકરણ નથી. આ વાર્તાઓ નીચે મુજબ છે:

'કવિના પ્રેમપત્રો' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

સુભદ્રાને જાણ થાય છે કે રોહિતના પત્રો પોતાના પ્રેમના નહિ પરંતુ સાહિત્યકાર બનવા માટે લખાયેલા છે. રોહિત પત્રોને છપાવવા માગે છે. સુભદ્રાનો ઇન્કાર કરવા છતાં રોહિત તેની વાતનો સ્વીકાર કરતો નથી. પત્રમાં પ્રેમના ખોટાં વર્ણનો કર્યાં. આવા પુરુષ સાથેના લગ્નના વિચાર માત્રથી સુભદ્રા કંપી ઊઠે છે. સુભદ્રાનો રોહિત પરથી વિશ્વાસ ઊઠી જાય છે. સુભદ્રા રોહિત સાથેના લગ્ન તોડી નાખવાનો નિર્ણય કરે છે. તે રોહિતને પત્ર લખી પોતાના વતનમાં જવાની તૈયારી કરે છે. પત્ર મળતાં રોહિતને પોતાની ભૂલ સમજાય છે. પોતે સંઘરેલી નકલો ફાડી નાખે છે. સુભદ્રાના સંઘર્ષનું સુખદ નિરાકરણ આવે છે. જુઓ;

"બિચારી સુભદ્રા વિના કારણ સામાન બાંધીને દેશભેગી થઈ જવાની ધમાલમાં પડી હતી ત્યાં જ રોહિતનો પત્ર મળ્યો અને તૈયારીઓ આપોઆપ બંધ રહી ગઈ." (પૃ. ૨૦૨) અંતે  સુભદ્રા રોહિતને માફ કરે છે.

'અંધારી રાત'  ('એક લહર', ૧૯૫૭)

નિરુપમા અને મહેશ અનુરાધા (દીકરી) સાથે મુંબઈ ફરવા જાય છે. ત્યાં અનુરાધા લાપતા થાય છે. અનુરાધા સાથે અનિચ્છનીય ઘટના બનવાના વિચારથી નિરુપમા અને મહેશ સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. દીકરીની ચિંતામાં બંને રાત્રે ઊંઘી પણ શકતાં નથી. નિરુપમા મુંબઈમાં ભિખારી સાથે અનુરાધાને જુએ છે. અંધ બનેલી અનુરાધાનું મા સાથે મિલન થાય છે. જુઓ;

"...ઘવાયેલી ચામડીથી ઢંકાયેલા બે ઊંડા ઊંડા ખાડામાં જાણે પોતાનું આખું જીવન પડી જતું હોય તેવી વ્યાકુળતાથી તેણે અનુરાધાને હૈયાસરસી જડી દીધી." (પૃ. ૩૮)

બંનેનો મેળાપ કરાવીને વાર્તાકારે નિરુપમાના સંઘર્ષનું શમન થતું બતાવ્યું છે.

'સંયોગ' ('એક લહર', ૧૯૫૭)

રેવતીના સંઘર્ષનું શમન થતું બતાવ્યું છે. યદુનાથ રેવતીને શ્રીનાથન સાથે પરણવાની ના પાડે છે. રેવતી તેને ભૂલી શકતી નથી. પિતાના સુખ ખાતર તે તેનો ત્યાગ કરે છે. અકસ્માતમાં અપંગ બની ગયેલા શ્રીનાથનને જોઈ રેવતી પિતાના વિરુદ્ધ જઈને શ્રીનાથન સાથે રહેવાનો નિર્ણય કરી લે છે. રેવતી ઘટનાસ્થળે પહોંચે છે. શ્રીનાથન તેને ભૂલી જવા કહે છે. રેવતી બોલે છે,

"તને આમ જોયા પછી જો હું તને નાખી દઈને જતી રહું તો કદી સુખની ઘડી જોઈ શકીશ નહીં. હવે મારી પહેલી ફરજ અહીંયાં છે." (પૃ. ૨૦૧)

રેવતી શ્રીનાથન સાથે જીવન જીવવાનો નિર્ણય કરે છે.

'બુડથલ' ('જાવલ', ૨૦૦૧)

નાયિકાનો પતિ અમેરિકામાં રહે છે. તેને અદિતિ સાથે પ્રેમ થાય છે. તેની સાથે પરણવા માગે છે. સંતાનો માતાને સમજાવી પિતાને છૂટાછેડા આપી દેવા જણાવે છે. પતિ અને સંતાનોના કારણે નાયિકા સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે. નાયિકા સંઘર્ષનો સામનો કરે છે. નાયિકા છૂટાછેડાના કાગળ પર સહી કરતી નથી. જુઓ.

"માની આંખમાં આતશ પ્રગટ્યો. કાગળ અને પેન દૃઢતાથી હડસેલી દઈને એણે કહ્યું, "નથી કરવાની સહી." (પૃ. ૬૦)

આ રીતે નાયિકા સંતાનો અને પતિ વિરુદ્ધ જઈ છૂટાછેડા ન લેવાનો નિર્ણય કરે છે.

'લિપસ્ટિક' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

વાર્તાકારે પૌલોમીને સંઘર્ષમાંથી મુક્ત થતી બતાવી છે. અશોકે કરેલા અપમાનથી પૌલોમી શાળામાંથી રાજીનામું આપે છે. અશોક તેની માફી માગે છે. પૌલોમીની પીડાનું શમન થાય છે. અશોકના ખાતર પૌલોમી લિપસ્ટિક તેમજ ફેશન પરસ્ત વસ્તુનો ત્યાગ કરી બંને લગ્ન કરે છે. પૌલોમી પાન વડે હોઠ રંગે છે. તે જોઈને અશોકને ખ્યાલ આવે છે કે લિપસ્ટિકનો ત્યાગ મનથી કર્યો ન હતો. પરાણે કરાવેલો હતો. તેને આ હિંસા જેવું લાગે છે. તે દુકાનમાંથી લિપસ્ટિક લઈને પૌલોમીને આપે છે. અશોકના સંઘર્ષનું શમન થાય છે. જુઓ;

"એક નાનું શું બંડલ લઈને અશોક દુકાનમાંથી નીચે ઊતર્યો ત્યારે એનું ગજવું જેટલું થયું હતું તેના કરતાં અનંત ગણો તો એના અંતર ઉપરનો ભાર હળવો થયો હતો." (પૃ. ૫૪)

'અનાથાશ્રમની કન્યા' ('એક લહર', ૧૯૫૭)

હેમલતા અનાથાશ્રમની કન્યા હોવાથી સમાજ મશ્કરી કરીને માનસિક રીતે ત્રસ્ત કરે છે. એ સંજોગોમાંથી દિયર હેમંત બચાવે છે. હેમલતાની મજાક ઊડાવવાની કોઈની હિંમત ચાલી નહીં. આ જોઈને તેનો પતિ મધુકાન્ત પણ શરમ અનુભવે છે. ત્યારબાદ આખું ગામ હેમલતાનાં રૂપગુણની પ્રશંસા કરવા લાગ્યું. હેમલતાના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે. જુઓ;

"વ્યંગ અને ઉપહાસનું મોજું મધ્યબિંદુ ખોવાઈ જતાં આસ્તે આસ્તે વેરાઈ ગયું અને વળી પાછી ગામમાં હેમલતાનાં રૂપગુણની પ્રશંસા પુરબહારમાં થવા લાગી." (પૃ. ૪૫)

'તંતુ' ('જાવલ', ૨૦૦૧)

અંકિતા મિત્સુ અને મન્મથને છોડી પરેશ સાથે પરણે છે. મન્મથ આઘાતના કારણે ગુજરી જાય છે. મિત્સુ તેના દાદા-દાદી સાથે રહીને મોટી થાય છે. સમય જતાં દાદા મિત્સુને અંકિતા અને પરેશને સોંપે છે. મિત્સુ અંકિતાને પિતાના મોતની ગુનેગાર માને છે. મિત્સુ અંકિતાને પરેશની બાહોમાં જુએ છે. અંકિતા શરમજનક સ્થિતિમાં મૂકાય છે. અંકિતા પતિને છોડી પરેશ સાથે લગ્ન કરી લેવાથી મિત્સુ માને નફરત કરે છે. અંતમાં પોતાની માનો પોતાની પ્રત્યે સારો વ્યવહાર જોઈ અંકિતાને મા તરીકે સ્વીકાર કરે છે. મિત્સુ અને અંકિતાના સંઘર્ષનું શમન થાય છે.

'અરુન્ધતી' ('જાવલ', ૨૦૦૧)

અરુન્ધતી અને ઉદ્ધવને ત્રણ સંતાનો છે. ઉદ્ધવ મોનિકા સાથે લગ્ન કરવાનું નક્કી કરે છે. અરુન્ધતી ઉદ્ધવ પાસે એક ફ્લૅટ માગે છે. ત્યાં પોતે એકલી રહેવાનો નિર્ણય કરે છે. અરુન્ધતી સંતાનોને પતિ પાસે રાખવાનું જણાવે છે. તેમના ભવિષ્ય અંગે તેને ચિંતા છે. તે વિચારે છે કે હવે પોતે પત્ની નહીં ને મા પણ નહીં એવી સ્ત્રીઓ નથી જીવતી શું સમાજમાં? અરુન્ધતી પતિને પ્રેમિકા સાથે લગ્ન કરવાની મંજૂરી આપી દે છે. જુઓ;

"પત્ની નહીં ને મા પણ નહીં એવી સ્ત્રીઓ નથી જીવતી શું સંસારમાં? મને લાગે છે કે હું જીવી શકીશ. કદાચ તમારા કરતાં સારી રીતે પણ જીવું, કોને ખબર છે?" (પૃ. ૧૩૮)

એકલા રહેવાનો નિર્ણય કરી અરુન્ધતી સંઘર્ષનો સ્વીકાર કરે છે.

'આશા' ('જાવલ', ૨૦૦૧)

આશા બોડકી હોવાના કારણે પરિવારજનો તેને તિરસ્કારની નજરથી જુએ છે. તેની મા આશાને ગાળો આપ્યા કરે છે. તેના પરિવારજનો તેને માર પણ મારે છે. આશાના લગ્ન બીજવર યુવક સાથે કરાવીને તેનાથી છૂટવાનો પ્રયત્ન કરે છે. તેનાં

લગ્ન ટકતાં નથી. લગ્નમાં થયેલા ખર્ચને પિતાને પરત કરવા આશા નોકરી કરે છે. આશા પરિવારજનો વિરુદ્ધ કંઈ બોલી શકતી નથી. આશા સંઘર્ષનો સ્વીકાર કરીને જીવન વીતાવે છે. યશવંત સાથે પરણવાથી તેની અને પોતાની પણ જિંદગી ખરાબ થઈ જશે એમ વિચારી તેની સાથે લગ્ન કરતી નથી. જુઓ;

"મેં બહુ વેઠ્યું છે, હવે વધારે નહીં વેઠાય. હમણાં તો આવી સારી નોકરી છે, રસ્તે જતાં આવતાં યશવંતનું મોં જોવા મળે છે." (પૃ. ૧૭૩)

આશા સંઘર્ષનો સ્વીકાર કરી જીવન વ્યતીત કરે છે.

'ગઈકાલની ખાનદાની' ('એક લહર', ૧૯૫૭)

મહાલક્ષ્મીના પતિ દયાશંકરનું અવસાન થતાં તે વિધવા બને છે. તેની પીડાના સંઘર્ષનું નિરાકરણ ન જ હોય. દયાશંકરના અવસાનથી બ્રાહ્મણ કુટુંબ આર્થિક સંકળામણ અનુભવે છે. મહાલક્ષ્મી પોતે કેવી રીતે ઘર ચલાવશે તે સંઘર્ષમાંથી મુક્તિ મળે છે. ઉમિયાશંકર જેવા સજ્જનમિત્ર પડદા પાછળ રહીને આર્થિક સહાયતા કરી મિત્રનું ઋણ અદા કરે છે. દયાશંકરના અવસાન બાદ ઘર પર આવેલા આર્થિક સંઘર્ષનું શમન વાર્તાકારે દર્શાવ્યું છે.

'નર્મદા' ('એક લહર', ૧૯૫૭)

યશોદાના લગ્ન બિહારી સાથે થાય છે. બિહારી માલતીને (પ્રેમિકા) પ્રેમ કરે છે. યશોદાને લગ્નની પહેલી જ રાત્રે બિહારીની પ્રેમિકાની જાણ થાય છે. તેની આંખે અંધારાં આવી જાય છે. બિહારી યશોદાને પોતાના માતા-પિતાની જવાબદારી સોંપી માલતી સાથે ચાલ્યો જાય છે. યશોદાના પિતાને આ વાતની જાણ હોવા છતાં બિહારી સાથે પરણાવી દે છે. વાર્તાકાર યશોદાને સંઘર્ષનો સ્વીકાર કરતી દર્શાવી છે. તે બિહારીની પ્રેમિકાનો વિરોધ કરતી નથી. પતિની પ્રેમિકાનો સ્વીકાર કરી તેની જવાબદારી લઈ લે છે. જુઓ;

"આજથી એની ચિંતા મારે માથે. આખી જિંદગી એણે તમારે માટે ગાળી છે, એને માટે હું પૂરેપૂરી વ્યવસ્થા કરીશ. એ નિરાધાર નહીં થઈ જાય. હવે તમે બધી ફિકર મૂકી દો, શાંત થઈને રામનું નામ દો." (પૃ. ૧૬૩)

'મારા મનથી એમ કે' ('ટાઢ', ૧૯૮૭)

શિલ્પાનો પતિ સુનીલ અન્ય યુવતી સાથે ભાગી જાય છે. પતિના આવા નિર્ણયથી શિલ્પા અસહ્ય પીડા અનુભવે છે. સુનીલના પરિવારજનો તેના ઘર છોડીને જવા પાછળ શિલ્પાનો વાંક બતાવે છે. જુઓ;

"એના મનમાં કોઈ સ્પષ્ટ વિચાર નહોતા આવતા...બીજી કોઈ લાગણી નહોતી જાગતી." (પૃ. ૮૪)

શિલ્પા સંઘર્ષનો સ્વીકાર કરીને જીવન જીવે છે.

'રક્ષાબંધન' ('એક લહર', ૧૯૫૭)

મા કીર્તિને ખૂબ પ્રેમથી ઉછેરે છે. પ્રેમીલા (વહુ) મા અને કીર્તિના સંબંધમાં તિરાડ પડાવે છે. કીર્તિ માતાથી અલગ રહેવાનું નક્કી કરે છે. મા આ પરિસ્થિતિનો સ્વીકાર કરી અલગ થઈ જાય છે.

"અતિ દુ:ખિયાને દુ:ખ નહીં એમ માનાં આંસુ તો હવે સુકાઈ ગયાં હતાં. તે વખતની યાદ આવતાં જ આજે એ છોકરો પોતાને જુદી કાઢવા માગે છે એ જોઈ માને સંસારની વિચિત્રતાનું પૂરૂં ભાન થયું." (પૃ. ૮)

મા-કુંજ અલગ થયા પછી કીર્તિના ઘરે દીકરાનો જન્મ થાય છે. તેની છઠ્ઠીની વિધિના દિવસે પાડોશીઓ ભેગા થાય છે. એક ડોશી કહે છે કે 'આનો બાપેય નાનો હતો ત્યારે આવો જ હતો. બિચારીએ રૂના પોલમાં ઉછેર્યો હતો.' કીર્તિ આ વાત સાંભળે છે. તેનું હૃદય પરિવર્તન થાય છે. રક્ષાબંધનના દિવસે કુંજ કીર્તિને રાખડી બાંધવા માટે હઠ

પકડે છે. મા કુંજને માર મારે છે. આ પરિસ્થિતિ જોઈને કીર્તિને દુ:ખ થાય છે. તે કુંજ પાસે રાખડી બંધાવે છે. માતાના કીર્તિ સાથેના સંઘર્ષનું શમન થાય છે. પ્રેમીલા માને કીર્તિથી અલગ કરવા ઘણા પ્રયત્નો કરતી રહે છે. મા પ્રેમીલા સાથેના સંઘર્ષમાંથી મુક્ત થતી નથી.

'જાવલ' ('જાવલ', ૨૦૦૧)

જાવલ ડાકણ ન હોવા છતાં ગામલોકો ડાકણ માનતા. ભગવાનભાઈના છોકરાના અવસાન પાછળ પણ જાવલનો જ વાંક ગણે છે. ગામલોકો જાવલને પકડવા માટે આવે છે. ગામલોકોથી બચવા તે કોઠીમાં સંતાય છે. તેમાં સાપ હોય છે. તેના કરડવાથી જાવલ મૃત્યુ પામે છે. જાવલ સમાજ સાથેના સંઘર્ષમાંથી મુક્ત થતી નથી.

'અવસર ચૂક્યા મેહુલા' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

સંજય શચીના મનને જાણી શકતો નથી. સંજય રીસમાં જ બીજી કન્યા સાથે લગ્ન કરી લે છે. સંજય  શચી જોડે સ્નેહ સહચારનો અધિકાર ગુમાવી બેસે છે. તેની પીડાનું શમન થતું નથી. સંજયને અન્ય કન્યા સાથેના લગ્નની ભૂલનો અફસોસ થાય છે. શચી અને સંજય સંઘર્ષમાંથી મુક્ત થતાં નથી. જુઓ;

"અસહ્ય દુ:ખભરી નજરે શચીના મોં સામે જોઈ રહ્યો ને દુષ્કાળથી ઉજ્જડ થઈ ગયેલા દેશ ઉપર વરસતાં મહા મહિનાનાં વાદળ જેવો ભોંઠપભર્યો તેનો પ્રેમ આજે પહેલી જ વાર સંપૂર્ણપણે જાગીને નિષ્ફળતાના વેરાન રણમાં ખોવાઈ જવા માટે પૂરપાટ વહી નીકળ્યો." (પૃ. ૨૧)

સંજય અને શચી એકબીજાના કારણે સંઘર્ષમાંથી મુક્ત થતાં નથી.

'સોનાનું ઘડિયાળ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

રસિકલાલને મનોરમા (બહેન) પ્રત્યે ખૂબ જ લાગણી હતી. મા મનોરમાને વઢ્યા જ કરતી. એ જોઈને પોતાની મા પ્રત્યે અણગમો થાય છે. મનોરમાને વસંત નામના યુવાન સાથે પ્રેમ થાય છે. આ જાણીને સાવકી મા ચાળીસ વર્ષના બીજવર સાથે લગ્ન ગોઠવે છે. તે ભાગી જાય છે. રસિકલાલ ઉંમરમાં નાના હોવાથી સમજ ન પડતાં મનોરમાને પકડી લાવે છે. તેના લગ્ન બીજવર સાથે થઈ જાય છે. મનોરમાનું દુ:ખથી લેવાઈ ગયેલું મોં જોઈને રસિકલાલને પશ્ચાતાપ થાય છે. રસિકલાલ અને મનોરમાના સંઘર્ષનું શમન થતું નથી.

"મનોરમા પોતે કદાચ એના આજના સંસારથી સંતોષ માનીને જીવી શકતી હશે પણ હું હજુ એ મારા અપરાધને માફ નથી કરી શક્યો." (પૃ. ૧૮૨)

'કૂંપળ' ('જાવલ', ૨૦૦૧)

મનોજના સુનંદા સાથે લગ્ન થઈ શક્યા નથી. લગ્ન બાદ સુનંદાની હાલત જોઈને મનોજને ખૂબ દુ:ખ થાય છે. પતિનો માર સહન કરતી સાંભળીને મનોજને ખૂબ દુ:ખ થતું હતું. અંતે સુનંદાનું મૃત્યુ થાય છે. સુનંદાના સંતાનોને મનોજ પોતાની સાથે લઈ આવે છે. સુનંદા સાથે લગ્ન ન થઈ શકવાના કારણે મનોજ સંઘર્ષમય જીવન પસાર કરે છે. જુઓ;

"રાતદિન એના મનમાં એક જ્વાળા ભભૂકતી રહેતી–હું ઘરમાં જઈને એને હાથ પકડીને કેમ બહાર ન લઈ આવ્યો? અને હવે-એને ખોયા પછી હું શા માટે જીવતો રહું છું?" (પૃ. ૧૦૯)

આ જૂથની વાર્તાઓમાં પીડાની ૧૭ વાર્તાઓમાંથી ૧૧ વાર્તાઓમાં સ્ત્રીઓના સંઘર્ષના નિરાકરણ પ્રાપ્ત થાય છે, જ્યારે ૫ વાર્તાઓમાં નિરાકરણ પ્રાપ્ત થતું નથી. 'કવિના પ્રેમપત્રો'માં નાયિકાને નાયકના પ્રેમ પરથી વિશ્વાસ ઊઠી જતાં લગ્ન ન

કરવાનો નિર્ણય કરે છે. અંતે નાયક માફી માગતાં નાયિકા તેને માફ કરે છે. પોતાની દીકરીને ગુમાવવાથી પીડાનો તીવ્ર અનુભવ કરતી નાયિકાને દીકરી પાછી મળે છે. પોતાના પ્રેમીના ખાતર પિતાથી વિરુદ્ધ જઈ લગ્ન કરવાનો નિર્ણય કરતી નાયિકા 'સંયોગ' વાર્તામાં જોઈ શકાય છે.

જ્યારે 'અવસર ચૂક્યા મેહુલા' વાર્તામાં પ્રેમી-પ્રેમિકા લગ્ન ન કરી શકવાથી સંઘર્ષમય પરિસ્થિતિમાં જીવે છે. સાસુ-વહુના સંબંધોમાં તકરાર પૂર્ણ ન થતાં 'રક્ષાબંધન' વાર્તાની વિધવા માનો સંઘર્ષ પૂર્ણ થતો નથી. આ રીતે પીડાનો અનુભવ કરતી ઘણી સ્ત્રીઓ સંઘર્ષની પરિસ્થિતિમાંથી બહાર નીકળતી જોવા મળે છે, તો ઘણી સ્ત્રીઓ સંઘર્ષનો સ્વીકાર કરીને જીવન જીવતી જોવા મળે છે.

## જૂથ-૩: અફસોસ

વ્યક્તિને જ્યારે ખોટું કાર્ય કે ખોટો નિર્ણય લીધાનો અહેસાસ થાય છે, તેને પોતાની ભૂલ સમજાતાં વ્યક્તિને જે દુ:ખ, શોક કે હાનિ પહોંચે છે તે અફસોસ છે. આ અફસોસમાંથી સ્ત્રી બહાર નીકળવાનો પ્રયત્ન કરતી જોવા મળે છે. સ્ત્રીને પ્રેમી પરથી વિશ્વાસ ઊઠી જતાં લગ્ન ન કરવાનો નિર્ણય કરતી જોવા મળે છે. પતિની વાતને નકારી કાઢતી સ્ત્રીને પોતાના નિર્ણય પર અફસોસ થાય છે. અંતે પતિની માફી માગી લેતી સ્ત્રીના સંઘર્ષનું સુખદ નિરાકરણ મળતું જણાય છે.

આ જૂથમાં સ્ત્રી પોતાના પતિ, પ્રેમી, પતિના મિત્ર, સંતાનો, બહેન વગેરેના કારણે પોતાની જિંદગીને દાવ પર લગાવે છે, જેના કારણે પોતાના નિર્ણય પર ખૂબ જ અફસોસ કરતી જોવા મળે છે. જેના સંઘર્ષનું નિરાકરણ આવતું નથી. આ વાર્તાઓને તીવ્રતા મુજબ ગોઠવણી કરી છે.

'કલાકારની પત્ની' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

રેખાની સારા અને સાચા હૃદયના પતિ મળવાની અપેક્ષા હતી. તે અપેક્ષા ન સંતોષાવાથી રેખા અફસોસ અનુભવે છે, છતાં તે લગ્નજીવન નિભાવી રાખે છે. અંતે તે બેભાન બને છે. રેખા પતિ વિરુદ્ધ જઈને લગ્નજીવનનો અંત લાવતી નથી. જુઓ;

"સમસમીને બેસી રહેલી રેખા ક્યારેક શરાબ પીનારા ચારિત્ર્યહીન, દરિદ્ર કલાકારોની દુ:ખી પત્નીઓની વાત નીકળતાં વિચારતી, 'તો યે આખરે તો એ કલાકારની પત્ની હતી!" (પૃ. ૧૫૬)

વાર્તાકારે રેખાની સંઘર્ષની પરિસ્થિતિનો સ્વીકાર કરાવીને તેના સંઘર્ષનું શમન થતું બતાવ્યું છે.

'અનિવાર્ય સંજોગોને લીધે' ('ટાઢ', ૧૯૮૭)

શાશ્વતી કરફ્યુંના માહોલમાં નીરવ સાથે લગ્ન કરવા નીકળે છે. નીરવ પોતાની માતાની બીકથી કરફ્યુનું બહાનું કરે છે. શાશ્વતી લગ્ન કરવા ઘર છોડી નીકળી પડે છે, જ્યારે નીરવ તેની માતાના ડરથી ના પાડી દે છે. નીરવનું વર્તન જોઈને શાશ્વતી લગ્ન ન કરવાનો નિર્ણય કરી લે છે. જુઓ;

"ઝાંખું સ્વપ્ન દેખાવા લાગ્યું. ઘનઘોર રાત, તોફાની નદી અને માટીનો કાચો ઘડો લઈને બહાર નીકળેલી એક તરુણી. શાશ્વતીએ આંખો પર હાથ ફેરવીને સ્વપ્નું લૂછી નાખ્યું." (પૃ. ૧૫૦) શાશ્વતીના સંઘર્ષનું શમન થાય છે.

'અધૂરો કૉલ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

વસુ અને અનંત સમાજના બંધનોના કારણે લગ્ન કરી શક્યાં નથી. બંનેનો સંઘર્ષ તીવ્ર બનતાં આપઘાત કરવાનો નિર્ણય કરે છે. જેમાં અનંત મૃત્યુને ભેટે છે. અનંતના મૃત્યુના સમાચાર સાંભળી વસુ અફસોસ સાથે જીવન જીવવાનું નક્કી કરે છે. હવે પોતાને ક્યારેય કંઈ નહીં થાય એમ વસુ પોતાની માતાની જણાવે છે.

"હવે? હવે કોઈ દિવસ મને કંઈ નહીં થાય મા!" (પૃ. ૭૬)

વસુના અને અનંતના સંઘર્ષનું અનિચ્છનીય નિરાકરણ પ્રાપ્ત થાય છે.

'કુસુમનો મહેમાન' ('એક લહર', ૧૯૫૭)

વાર્તાકારે કુસુમને સંઘર્ષમાંથી મુક્ત થતી બતાવી છે. કુસુમ સતીશના મિત્ર ડાહ્યાલાલને ઘરે રહેવા આમંત્રણ આપે છે. તે ઘરમાંથી જવાની વાતને નકારે છે. સતીશ કુસુમ પર ગુસ્સે થાય છે. ડાહ્યાલાલને ઘરમાંથી કાઢવા કુસુમ વીણાની મદદ માગે છે. વીણાના ઉપાયથી ડાહ્યાલાલ ઘર છોડીને ચાલી નીકળે છે. જુઓ;

"પત્ર વાંચીને કુસુમ હસી પડી. આનંદથી, વીણા પ્રત્યેના પ્રેમથી તેનું હૃદય ભરાઈ ગયું." (પૃ. ૧૯૧)

કુસુમ વીણાનો આભાર માનતી ખુશીથી સતીશ સાથે રહેવા લાગે છે.

'મમ્મી નામનો પરપોટો' ('ટાઢ', ૧૯૮૭)

માલાના મિતુલ સાથે છૂટાછેડા થયા છે. માલા દીકરી તમન્નાના ભવિષ્યને લઈને બીજા લગ્ન કરતી નથી. તમન્ના યુવાન થતાં પોતાની માતાને શંકાની નજરથી જુએ છે. માલા આ પરિસ્થિતિનો સ્વીકાર કરી તમન્ના સાથે જીવન વીતાવે છે. જુઓ;

"માલાને ભુલાઈ જવું છે. સંપૂર્ણપણે, કાયમને માટે–તે વગર આસાયેશ મળશે નહીં. તમન્ના નામની એક છોકરી છે, એનાં નવાં કપડાં છે, એ કપડાંને પોતે હાથ લગાડ્યો છે–આ નિરર્થક દેહને એ વડે શણગાર્યો છે, અરે! કેટલા મોટા લાંછનની વાત! અબજો ટન રેતીમાં દટાયા સિવાય માલા તે ભૂલી શકશે નહીં." (પૃ. ૬૮)

'એ વાત ખોટી છે' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

પ્રભા અલકાના અભ્યાસ ખાતર જીવનસુખનો ભોગ આપે છે. વહાલથી ઉછેરેલી સગી બહેન જ પ્રભા પર શંકા કરે છે. પ્રભા અભ્યાસ છોડ્યાનો અફસોસ કરે છે.

ગામલોકો પણ તેના પર વિશ્વાસ કરતા નથી. તે પોતાના ચારિત્ર્યને સાચવે છે. અંતે પ્રભા માનસિક સમતુલાને ડગમગાવી દે છે. જુઓ;

"પ્રભાની આંખ વાટે આંસુની નદી ઊમટી. દુ:ખ, અપમાન અને ક્રોધની મારી તે આખી રાત પથારીમાં મૂર્તિવત બેસી રહી." (પૃ. ૧૨૫)

વાર્તાકારે પ્રભાને પીડા, કાલ્પનિક ભય તેમજ અફસોસના સંઘર્ષમાંથી મુક્ત થતી બતાવી નથી.

'બંધન' ('એક લહર', ૧૯૫૭)

માલતીને કોકેઇનનું વ્યસન થઈ જાય છે. તેના કારણે તે અસ્વસ્થ રહ્યા કરે છે. વાર્તાકારે માલતીના સંઘર્ષનું નિરાકરણ સૂચવ્યું નથી. માનવીને નશાની આદત કઈ હદ સુધી અધોગતિની ખાઈમાં લઈ જાય છે તે આ વાર્તામાં બતાવ્યું છે. માલતી એ વ્યસનમાંથી બહાર નીકળી શકતી નથી. જુઓ;

"પણ જન્મટીપના કેદીની લાચારીથી માલતી હરિકૃષ્ણની આરપાર જોઈ રહી. ક્યાંય, કોઈ રીતે હવે તેને બચવાનો આરો નથી....શૂન્ય નજરે તે હરિકૃષ્ણ સામે, અને છતાંયે તેની પેલી પાર જોઈ રહી." (પૃ. ૭૩)

એના લીધે પોતે પતિનો પ્રેમ, સન્માન બધું ખોઈ બેસે છે. માલતીનું વ્યસન છૂટતું નથી.

આ ઉપરોક્ત વાર્તાઓને જોતાં સમજાય છે કે સ્ત્રી પોતાના લીધેલા નિર્ણયથી અફસોસનો અનુભવ કરે છે. જેના પરિણામે સ્ત્રી સંઘર્ષનો સામનો કરે છે, કાં તો સંઘર્ષમય પરિસ્થિતિનો સ્વીકાર કરીને જીવન જીવે છે. અફસોસની કુલ ૭ વાર્તાઓમાંથી ૫ વાર્તાઓમાં સંઘર્ષના નિરાકરણ પ્રાપ્ત થાય છે, ૨ વાર્તાઓમાં નિરાકરણ મળતું નથી. સંઘર્ષમય પરિસ્થિતિના કારણે માનસિક સમતુલા ગુમાવતી સ્ત્રી પણ જોવા મળે છે.

'કલાકારની પત્ની' વાર્તામાં પોતાની અપેક્ષા મુજબનો પતિ પ્રાપ્ત ન થતાં દુ:ખી થાય છે. પરંતુ તેને કોઈ રસ્તો ન દેખાતાં પતિ સાથે જીવન જીવવાનું નક્કી કરે છે. આ વાર્તામાં પરિસ્થિતિનો સ્વીકાર કરતી જોવા મળે છે. કરફ્યુમાં પ્રેમી સાથે લગ્ન કરવા નીકળતી સ્ત્રીને ઘણી મુશ્કેલી પડે છે. તેનો પ્રેમી તેને કપરી પરિસ્થિતિમાં સાથ ન આપતાં સ્ત્રી લગ્ન ન કરવાનો નિર્ણય કરે છે. 'કુસુમનો મહેમાન' વાર્તામાં પત્ની પતિથી વિરુદ્ધ જઈને તેના મિત્રને ઘરમાં આમંત્રણ આપે છે. પરંતુ પોતાના નિર્ણય પર અફસોસ થતાં પતિની માફી માગીને રસ્તો કાઢતી નજરે પડે છે. આ રીતે વાર્તાનું સુખદ નિરાકરણ પ્રાપ્ત થાય છે.

છૂટાછેડા લીધેલી 'મમ્મી નામનો પરપોટો' વાર્તામાં નાયિકા દીકરીના કારણે બીજા લગ્ન કરતી નથી. પરંતુ દીકરી શંકા કરતાં તેને અફસોસ થાય છે. નાયિકાને સંઘર્ષનો સ્વીકાર કરાવીને વાર્તાકાર સંઘર્ષનું શમન કરે છે. 'અધૂરો કૉલ' વાર્તાની નાયિકા સમાજની પ્રતિષ્ઠાને કારણે પ્રેમી સાથે લગ્ન ન કરી આપઘાત કરવાનો નિર્ણય કરે છે. એ પ્રયત્ન નિષ્ફળ જતાં તેના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે.

સંઘર્ષનું નિરાકરણ ન આવતી એવી 'એ વાત ખોટી છે' વાર્તામાં નાયિકા પોતાના ખોટા નિર્ણયના કારણે માનસિકતા ગુમાવી બેસે છે. તો વ્યસનની લતે ચડેલી 'બંધન'ની નાયિકા દુ:ખી રહે છે. આ રીતે અફસોસનો અનુભવ કરતી સ્ત્રીઓ સુખદ યા દુ:ખદ રીતે સંઘર્ષમાંથી બહાર નીકળતી જોવા મળે છે.

### જૂથ-૪: ભય

અચાનક એવી ઘટના બને છે જેમાં વ્યક્તિને લાગે છે કે પોતાને જોખમ છે કે તેનાથી નુકસાન થશે. એ વિચારી તે પરિસ્થિતિઓમાંથી પીછેહટ કરી લે છે, જે ભય છે.

ભય એ કાલ્પનિક કે વાસ્તવિક ઘટનાઓથી અથવા ધમકી દ્વારા પ્રેરિત કરવામાં આવે છે જે વર્તનનું કારણ બને છે.

વાર્તાકાર પોતાની વાર્તાઓમાં એવી સ્ત્રીનો પણ ઉલ્લેખ કર્યો છે, જેમાં સ્ત્રી જોખમભરી પરિસ્થિતિનો વિચાર કરી પીછેહઠ કરતી જોવા મળે છે. સ્ત્રી પોતાના ઘર, પરિવારને ખુશ રાખવા માગે છે. પરિવારને નુકસાન ન  થાય એ રીતે પરિસ્થિતિમાંથી બહાર નીકળતી જોવા મળે છે. સાસુ વહુના કારણે ઘર છોડવાનો નિર્ણય કરતી જોવા મળે છે. પોતાના સંતાનને આંખોથી દૂર ન કરી શકતી સ્ત્રીને ભવિષ્યનો કાલ્પનિક ભય સતાવે છે. તો ઘણી સ્ત્રી પોતાના પ્રેમ દોસ્તથી છુપાવે છે, કેમ કે તેને દોસ્ત ગુમાવી દેવાના ડરનો સતત અનુભવ કરતી નજરે પડે છે. જેમાં તે સંઘર્ષનો સ્વીકાર કરીને જીવે છે. ઘણી સ્ત્રી પતિના મારના કારણે ભય અનુભવતી જોવા મળે છે. આ સ્ત્રીઓના સંઘર્ષનું શમન કયાં કયાં સ્વરૂપે થાય છે તે જોઈએ.

'કુંજગલીનો સાદ' ('ટાઢ', ૧૯૮૭)

આશાબહેન સુમંત(પુત્ર) અને તેના પૌત્રને ખૂબ જ પ્રેમ કરે છે. વહુ સલોની ઇચ્છે છે કે આશાબહેન ઘર છોડી ચાલ્યાં જાય. આશાબહેનને ઘર છોડવાના નિર્ણયથી અસહ્ય પીડા થાય છે. પોતાના કારણે આ ઘરને વીખેરાઈ જતાં ન જોઈ શકવાના કારણે આશાબહેન સંઘર્ષમય પરિસ્થિતિનો સ્વીકાર કરે છે. જુઓ.

"જવાનું એટલે જવાનું. દુ:ખે-સુખે દહાડા કાઢી નાખવાના. આ ઘર ખાલી કરી નાખવાનું. સલોનીના જીવને સુખ થશે. શાંતિથી રહેશે. મંતુને અને છોકરાઓને શાંતિથી રહેવા દેશે. નહીંતર આજકાલની વહુઓનો શો ભરોસો? ક્યાંક વીફરે ને છૂટાછેડા લેવા ઊભી થઈ જાય તો તો આખો માળો વીંખાઈ જાય ને! એના કરતાં વૃંદાવન જતું રહેવું..સારામાં સારું!" (પૃ. ૯૦)

આશાબહેન પતિ મનમોહનદાસ સાથે વૃંદાવન ચાલ્યા જવાનો નિર્ણય કરે છે.

'નટવાનો દોર' ('એક લહર', ૧૯૫૭)

વાર્તાકાર નાયિકાને સંઘર્ષનો સ્વીકાર કરતી દર્શાવી છે. નાયિકા નિશીથને પ્રેમ કરે છે. નિશીથ પ્રેમમાં વિશ્વાસ કરતો નથી. નાયિકા સારા મિત્રને ખોઈ બેસશે એવા કાલ્પનિક ભયના કારણે પ્રેમ વ્યક્ત કરતી નથી.

"એણે કલ્પી લીધેલી મારી વિશિષ્ટતા મારે જાળવી જ રાખવી જોઈશે. હંમેશાં સજાગ રહીને જોયા જ કરવું જોઈશે કે એના મિત્રમાં રહેલી સ્ત્રી ક્યાંક એની નજરે ન ચડી જાય." (પૃ. ૧૩૭)

તે નિશીથ સાથે મિત્ર તરીકે જ કામ કરવાનો નિર્ણય કરે છે.

'મયંકની મા' ('એક લહર', ૧૯૫૭)

પુત્રના જન્મથી સુરેખાની નિરાશાનું શમન થાય છે. ભવિષ્યમાં મયંક પોતાનાથી છૂટો પડશે એવા કાલ્પનિક ભયમાંથી મુક્ત થતી નથી. અત્યારે સુરેખા પાસે ક્ષણનું સુખ છે, મૂળભૂત વાસ્તવિકતા એ છે કે મયંક મોટો થઈને લગ્ન કરશે, અને તે પારકો બની જશે? આ સત્ય સ્વીકારવાની સુરેખાની માનસિક તૈયારી નથી. જુઓ ;

"હાથમાં ઊંચકેલા મયંકનો ભાર જાણે કે અનેકગણો થઈ ગયો. સુરેખાએ રુક્ષ ચહેરે તેને નીચે ઉતારી આંગળીએ લીધો. નવાઈ પામી મયંક માના સામું જોઈ રહ્યો. તે કંઈ સમજ્યો નહીં, છતાં તેને કંઈક થયું. અકળાઈને, મૂંઝાઈને તેણે રડવા માંડ્યું." (પૃ. ૯૦)

સુરેખા સંતાનના ભવિષ્યના કારણે સંઘર્ષનું શમન થતું નથી.

'પ્રાર્થના' ('ટાઢ', ૧૯૮૭)

નાયિકાની દીકરી શુભા એની મરજીથી જીવ્યા કરે છે. નાયિકા શુભા સાથે અણબનાવ ન બની જાય એ વિચારથી કાલ્પનિક ભય અનુભવે છે. તેના સંઘર્ષનું શમન થતું નથી.

"મારા અંગત ભયની, એકલતાની સૃષ્ટિમાં મને તો એક એનો જ આધાર છે, શુભા! ક્યારેક એની ખરેખરી યાદ આવી જાય છે ત્યારે મારા પગ થંભી જાય છે, મારો પેલો ચોરસ માર્ગ વર્તુલાકાર બની જાય છે." (પૃ. ૫૪)

નાયિકા શુભાને બહાર જતાં રોકી શકતી નથી. તેને રોકવાથી શુભા ઘર છોડીને ચાલી જશે એવા ડર સાથે નાયિકા જીવે છે.

'વિસર્જન' ('જાવલ', ૨૦૦૧)

ભાગીરથી સદાશિવને (પતિ) ગણપતિ દાદાનું વિસર્જન કરવાનું જણાવે છે. આવું સાંભળીને સદાશિવ ભાગીરથીને માથામાં લોટો મારે છે. સદાશિવની માનસિકતા જોઈ પુત્ર ડૉક્ટરને બોલાવે છે. ડૉક્ટર ઘેનનું ઈન્જેક્શન આપે છે. સદાશિવનો દીકરો વિજય અને વહુ ગણપતિ દાદાનું વિસર્જન કરી આવે છે. ભાગીરથી ડરનો અનુભવ કરે છે. ગણપતિ બાપાને ઘરમાં ન જોવાથી સદાશિવ નદીમાં કૂદી આપઘાત કરે છે. ભાગીરથી જોતી જ રહી જાય છે.

"ઘરથી થોડેક દૂર ગયા પછી એક વાર ભાગીરથી સામે હાથ ઊંચો કર્યો. એની આકૃતિ દેખાતી બંધ થઈ ત્યાં લગી ભાગીરથી અનિમેષ નેત્રે એની સામે જોતી રહી." (પૃ. ૨૧૯)

ભાગીરથીના ડરના સંઘર્ષનું શમન થતું નથી.

ઉપરોક્ત ભય સંવેદનાની ૫ વાર્તાઓમાંથી ૨ વાર્તાઓમાં સ્ત્રીઓના સંઘર્ષનું નિરાકરણ પ્રાપ્ત થાય છે, જ્યારે ૩ વાર્તાઓમાં સ્ત્રીઓના સંઘર્ષનું નિરાકરણ પ્રાપ્ત થતું

નથી. 'કુંજગલીનો સાદ' વાર્તામાં સાસુ પોતાના દીકરા અને પૌત્રને ખૂબ જ પ્રેમ કરે છે. પરંતુ વહુને પસંદ ન હોવાથી સાસુ પરિવારને બચાવવા માટે ઘર છોડવાનો નિર્ણય કરતી જોવા મળે છે. 'નટવાનો દોર' વાર્તામાં નાયિકા દોસ્તને ખોઈ દેવાના ડરથી પોતાના મનની વાત નાયકને જણાવતી નથી. 'મયંકની મા' વાર્તામાં મા પોતાના સંતાનનાં લગ્નના વિચારથી ભય અનુભવે છે. આ સંઘર્ષમાંથી તે મુક્ત થતી નથી. 'પ્રાર્થના' વાર્તાની નાયિકા પોતાની દીકરીની આબરૂની ચિંતા કરી કાલ્પનિક ભય અનુભવતી જોવા મળે છે. જે સતત અનુભવ્યા કરે છે. 'વિસર્જન' વાર્તામાં પતિના મારના કારણે સ્ત્રી કાલ્પનિક ભય અનુભવે છે. જેનું કોઈ શમન થતું નથી. આ રીતે ભયની  સંવેદના ધરાવતી સ્ત્રીઓ પોતાના કુટુંબને, સંતાનોને બચાવવા તેમાંથી મુક્ત થઈ શકતી નથી.

## જૂથ-૫: ઈર્ષ્યા

જ્યારે આપણા કરતાં અન્ય વ્યક્તિની ઇચ્છા કે લક્ષ્ય પ્રાપ્ત થાય, પોતાના કરતાં અન્ય વ્યક્તિ આકર્ષક દેખાવ ધરાવતી જોવા મળે ત્યારે ઈર્ષ્યાનો ભાવ પેદા થાય છે. ઈર્ષ્યાની ભાવના દરમિયાન વ્યક્તિ અસલામતી કે ભયનો અનુભવ કરે છે.

આ વાર્તાવિશ્વમાં 'મનામણાં', 'મનસ્વિની', 'હરીફ' વાર્તાઓમાં સ્ત્રીની ઈર્ષ્યાનું શમન થતું જોવા મળે છે, જ્યારે 'લગ્નની ભેટ' વાર્તામાં શમન થતું નથી. આ વાર્તાઓમાં દેરાણી-જેઠાણી વચ્ચે સ્પર્ધાભાવ થતો હોવાથી ઈર્ષ્યા અનુભવે છે. જેમાં અંતે બંને એકબીજાની માફી માગતાં જોવા મળે છે. પોતાની બહેનની સગાઈ ખાતર 'મનસ્વિની' વાર્તાની નાયિકા ઘર છોડતી જોવા મળે છે. 'હરીફ' વાર્તામાં દીકરીના આકર્ષક દેખાવને કારણે માના મનમાં ઈર્ષ્યા જન્મે છે. અંતે મા સંઘર્ષનો સ્વીકાર કરતી

જોવા મળે છે. ‘લગ્નની ભેટ’ વાર્તામાં નાયિકા પોતાના પતિની મિત્રપત્નીએ આપેલી ભેટના કારણે ઈર્ષ્યા અનુભવે છે. જેના સંઘર્ષનું શમન થતું નથી.

‘મનામણાં’ (‘અધૂરો કૉલ’, ૧૯૫૫)

સૂરજબા પરણીને આવ્યા પછી ઘરમાં પોતાનું શાસન ચલાવવા માગતાં હતાં. સૂરજબાની ઇચ્છા મુજબ અમલ ન થવાથી જેઠાણી રૂપબા પ્રત્યે ઈર્ષ્યાનો ભાવ જન્મે છે. રૂપબા હંમેશાં સૂરજબા માટે સારું જ વિચારતાં. મણિ મા વિશે અપશબ્દો બોલે છે. રૂપબા તેને આવું બોલતાં અટકાવે છે. એ દૃશ્ય જોઈ સૂરજબાનું હૃદય પરિવર્તન થાય છે. સૂરજબા રૂપબાની માફી માગે છે. સૂરજબાની ઈર્ષ્યાના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે.

‘મનસ્વિની’ (‘વિશ્રંભકથા’, ૧૯૬૬)

આશાને લગ્ન કરવાની તીવ્ર ઇચ્છા છે. તે પૂર્ણ ન થવાથી આશાની પીડાનું શમન થતું નથી. સુવર્ણા મા અને કાકીનો સંવાદ સાંભળે છે. આશાના સગપણ માટે આવેલા યુવકને સુવર્ણા પસંદ આવી છે. સુવર્ણા પોતાને આશાની દોષી માને છે. આ કારણે તે ઘર છોડીને છાત્રાલયમાં ભણવા ચાલી જાય છે.

‘હરીફ’ (‘વિશ્રંભકથા’, ૧૯૬૬)

નવયૌવના પુત્રી નીલાને જોઈને માતાના મનમાં ઈર્ષ્યા અને સ્પર્ધા ભાવ પ્રગટે છે. નીલા પોતાની જ દીકરી હોવા છતાં સુહાસ તેના પર ગુસ્સો કરે છે. નીલાના દેખાવ બાબતે પણ માતા સુહાસ નીલા પ્રત્યે ઈર્ષ્યા ભાવ રાખે છે. પોતાના મિત્રો નીલાના જ વખાણ કરશે એમ વિચારી સુહાસ કાલ્પનિક ભય અનુભવે છે. ક્લબના યુવાન મિત્રોને નીલા જ પસંદ પડશે એમ વિચારી સુહાસ બધો મેકઅપ ઉતારી સાદી સફેદ સાડી પહેરી લે છે. નીલા ચોંકી જાય છે. બંને ક્લબ જવા નીકળે છે.

'લગ્નની ભેટ' ('એક લહર', ૧૯૫૭)

નાયિકા પતિની સ્ત્રીમિત્રએ આપેલી ભેટના કારણે ઈર્ષ્યા થાય છે. નાયિકા તે પેટી બહેનપણીને ભેટમાં આપી દે છે. નાયક તે પેટીને શોધે છે. પેટી ન મળતાં નાયિકા પર ગુસ્સે થઈ જાય છે. થોડા દિવસમાં તેનો પતિ આ ઘટના ભૂલી જાય છે. નાયિકા ખુશ થાય છે. તેની ખુશી લાંબા દિવસ સુધી ટકતી નથી. સુનયના તે પેટીને પાછી આપી જાય છે. નાયિકાના સંઘર્ષનું શમન થતું નથી.

આ રીતે આ વાર્તાઓમાં દેરાણી-જેઠાણી, બે બહેનો અને મા-દીકરી વચ્ચેના સંઘર્ષનું શમન થાય છે. જ્યારે પતિની મિત્રપત્નીના કારણે થતી ઈર્ષ્યાનું શમન થતું નથી. 'મનામણાં' વાર્તામાં દેરાણીને ઘરમાં પોતાનું અસ્તિત્વ ન લાગતાં જેઠાણી પ્રત્યે ઈર્ષ્યા થાય છે. અંતે સત્યનું ભાન થતાં દેરાણી-જેઠાણી વચ્ચેના સંઘર્ષનું શમન થાય છે. 'મનસ્વિની' વાર્તામાં નાની બહેન મોટી બહેનની સગાઈના કારણે છાત્રાલયમાં ચાલી જતી જોવા મળે છે. 'હરીફ' વાર્તામાં માને દિકરીના આકર્ષક દેખાવને કારણે ઈર્ષ્યા જન્મે છે. જેના કારણે સંઘર્ષ જન્મે છે. અંતે મા દીકરીના દેખાવને પોતાના કરતાં ચડિયાતો ગણી સંઘર્ષનો સ્વીકાર કરે છે. બંને વચ્ચે સમાધાન આવે છે. જ્યારે 'લગ્નની ભેટ' વાર્તામાં સ્ત્રીની ઈર્ષ્યાનું શમન થતું નથી. પતિની સ્ત્રીમિત્રએ આપેલી ભેટને ઘરમાંથી કાઢવાના પ્રયત્નો વ્યર્થ નીકળે છે. અંતે એ ભેટ તેને પરત મળતાં તેના સંઘર્ષનાં વધારો થતો જોવા મળે છે.

જૂથ-૬: ઘૃણા

વ્યક્તિને કંઈક વસ્તુ માટે કે વ્યક્તિ પ્રત્યે સૂગ પેદા થાય છે. જેનાથી તે દૂર રહેવાનો પ્રયત્ન કરે છે, જે ઘૃણા છે. આ ઘૃણાના કારણે તે સંઘર્ષમય પરિસ્થિતિમાંથી બહાર નીકળવાના પ્રયત્નો કરે છે. તો ઘણી વાર એ પરિસ્થિતિનો સ્વીકાર કરવો પડે છે.

ઘૃણાના આ જૂથમાં નાયિકા પોતાના ભાઈઓના વર્તનના કારણે ઘૃણાનો ભાવ અનુભવે છે. જેમાં નાયિકા પરિસ્થિતિનો સામનો કરતી દેખાય છે. આ વાર્તાઓમાં સ્ત્રી પુરુષની હેરાનગતિ કરવાના વર્તનને કારણે જીવવું મુશ્કેલ બની જતું લાગે છે. એ પરિસ્થિતિથી દૂર રહેવા માગતી નાયિકાના સંઘર્ષનું શમન થઈ શકતું નથી. 'એક મુસાફરી' વાર્તામાં વ્યક્તિના વર્તનને જોઈ ઘૃણા અનુભવતી નાયિકા પોતાના લગ્ન અંગે નિર્ણય કરી શકતી નથી. ઘૃણાની આ ત્રણ વાર્તાઓને નિરાકરણની તીવ્રતાના આધારે નીચે મુજબ ગોઠવણી કરી છે.

'લાલબત્તી' ('ટાઢ', ૧૯૮૭)

સુષમાના બંને ભાઈ – અનિલ અને શ્રીકાંત આળસુ છે. તે બધાં કામ સુષમા પાસે જ કરાવે છે. તેનાથી સુષમાને ખૂબ ત્રાસ થતો. સુષમા પોતાની મરજીથી જીવી શકતી નથી. શ્રીકાંત માટે દૂધ લેવા નીકળે છે. તે વખતે સુષમાને અકસ્માતથી તેની કંપનીનો મહેન્દ્ર બચાવે છે. તે જણાવે છે કે અકસ્માતથી ન બચાવ્યાં હોત તો આજે તમારું અવસાન થયું હોત. આ સાંભળીને સુષમાને સ્વજાગૃતિ થાય છે. સુષમા ઘરની પરિસ્થિતિથી કંટાળી જઈને સ્વતંત્ર નિર્ણય લેતી થાય છે. કોઈના કહ્યાગરા થઈને નહીં પરંતુ સ્વનિર્ણય લઈને જાતે જ કાર્ય કરવું એવા ઉકેલ પર આવે છે. વાર્તાકારે સુષમાના સંઘર્ષને શમન થતો દર્શાવ્યો છે.

'શિવનારાયણ' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

નીલિમાને શિવનારાયણ પ્રત્યે ઘૃણા થાય છે. તેના સંઘર્ષનું શમન થતું નથી. વિદેશ જઈને વકીલ બને છે. ત્યાંથી પાછી આવે છે. નિલીમાના લગ્ન થાય છે. તે પાર્ટીમાં જાય છે. ત્યાં અચાનક  નિલીમા શિવનારાયણને જુએ છે. નીલિમા સમજી જાય છે કે તે હજુ પોતાના પ્રેમમાં પાગલ જ છે. નીલિમાનો પતિ શિવનારાયણ વિશેની વાત

કરે છે. તેનો પતિ ઘરે આવવાનું આમંત્રણ આપે છે. આ સાંભળી નિલીમા વિચારે છે કે ઘરનું સરનામું પણ તે જાણી ગયો હશે. નિલીમાના કાલ્પનિક ભયનું શમન થતું નથી.

'એક મુસાફરી' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

સ્વાતિ શોભન સાથે લગ્ન કરવાની ઇચ્છા ધરાવે છે. તેની ઇચ્છા શોભનના પિતા સાથેના સંઘર્ષને કારણે પૂર્ણ થતી નથી. શોભનના પિતા રેલ્વેમાં સ્વાતિ અને તેના પિતા સાથે અભદ્ર વ્યવહાર કરે છે. સ્વાતિને સાંકળચંદ પ્રત્યે અણગમો થઈ જાય છે. અંતે સ્વાતિ જાણે છે કે સાંકળચંદ જ શોભનના પિતા છે.

"....એક ધ્રાસકા સાથે તેને સમજાઈ ગયું કે મુસાફરીના પ્રયોજનનો પણ મુસાફરીની સાથે જ અંત આવી ચૂક્યો હતો." (પૃ. ૬૫)

સ્વાતિની શોભન સાથેના લગ્નની ઇચ્છા પૂર્ણ થતી નથી. સ્વાતિના સંઘર્ષનું શમન થતું  નથી.

ઉપરોક્ત વાર્તાઓને જોતાં સમજાય છે કે સ્ત્રીની ધૃણા પાછળ પુરુષ જવાબદાર પરિબળ બનતું જણાય છે. 'લાલબત્તી'ની નાયિકા ભાઈઓના કહ્યા મુજબ કાર્ય ન કરતાં ગુસ્સે થાય છે. અંતે પરિસ્થિતિથી કંટાળીને સ્વતંત્ર નિર્ણય લઈને સંઘર્ષમાંથી બહાર આવે છે. 'શિવનારાયણ' વાર્તાની નાયિકાને શિવનારાયણ એકતરફી પ્રેમ કરે છે. જેનાથી નાયિકા છૂટવાના ઘણા પ્રયત્ન કરવા છતાં સંઘર્ષમાંથી બહાર નીકળી શકતી નથી. 'એક મુસાફરી' વાર્તામાં સ્વાતિને અજાણ્યા માણસ સાથે ઝઘડો થાય છે. તેના વર્તનના કારણે ધૃણા થાય છે. જે પ્રેમીનો પિતા હોય છે. એ પરિસ્થિતિમાં કશો નિર્ણય લઈ ન શકતી સ્વાતિ સંઘર્ષમાંથી મુક્ત થઈ શકતી નથી.

આ રીતે ઘૃણાની ત્રણ વાર્તાઓમાં સ્ત્રીની ઘૃણા પાછળ પુરુષ જવાબદાર પરિબળ છે. જેમાં તે સંઘર્ષમાંથી મુક્ત થતી નથી. કાં તો પોતાનો સ્વતંત્ર નિર્ણય પણ લેતી બતાવી છે.

## જૂથ-૭: ક્રોધ

આપણી વિરુદ્ધ કોઈ કાર્ય કરે અથવા તો આપણે ઇચ્છીએ એવું ના બને ત્યારે ક્રોધની ભાવના જન્મે છે. કોઈ ધાકધમકી, ખોટા આક્ષેપો કે અન્યાય કરે ત્યારે વ્યક્તિ તેને રોકવા માટે સભાન વર્તન કરે છે. જે ક્રોધ છે. પરંતુ વ્યક્તિ જ્યારે તેનો વિરોધ કરીને તે વ્યક્ત કરી નાખે છે. ત્યાં ક્રોધનું શમન થાય છે.

ક્રોધના આ જૂથમાં બે વાર્તાઓનો સમાવેશ થયો છે. બંને વાર્તાની સ્ત્રી સંઘર્ષમય પરિસ્થિતિનો સામનો કરી મુક્ત થાય છે. સ્ત્રી પતિના કારણે સંતાનથી દૂર થઈ જાય છે. સ્ત્રીને રોગ લાગુ પડતાં તેનો પતિ તેની સંભાળ રાખવાના બદલે તેનો તિરસ્કાર કરે છે. જેથી સ્ત્રી ક્રોધે ભરાય છે. અંતે પતિ તેની માફી માગતો જોવા મળે છે. આ બંને વાર્તાઓને નિરાકરણની તીવ્રતા પ્રમાણે નીચે મુજબ ગોઠવી છે.

'પ્રયાગ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

વિનોદ પિતાની મરજી વિરુદ્ધ ઊતરતી જ્ઞાતિની છોકરી રંભા સાથે પરણે છે. પિતા વિનોદને ઘરમાંથી કાઢી મૂકે છે. મંગળા ક્રોધે ભરાય છે. વિનોદનું મૃત્યુ થવાથી મંગળાની પીડામાં વધારો થાય છે. મંગળાની પીડાનું શમન થતું નથી.

"દીકરો ગયો પણ વહુને મૂકતો ગયો છે, વિનોદની મા થતાં તો મને ના આવડ્યું પણ આની મા તો થઈશ જ." (પૃ. ૧૬૬)

મંગળા રંભાને હૃદયસરસી ચાંપીને રડી પડે છે. સાસુ-વહુનું મિલન જોઈને ધનવંતરાયનું હૃદય પરિવર્તન થાય છે. વહુને ઘરે આવવા માટે વિનંતી કરે છે.

આ રીતે પૂર્વગ્રહ, હઠ અને આંધળી રૂઢિની દિવાલો તોડીને પુત્રશોકથી ધનવંતરાયનું હૃદયપરિવર્તન થાય છે. મંગળાના પતિ સાથેના સંઘર્ષનું શમન થતું બતાવ્યું છે.

'હું ચાહું છું' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

રત્નાની ગળાની ગાંઠ વધે છે. રત્ના અને શિરીષ બંને ડૉક્ટર પાસે જાય છે. ડૉક્ટર કૅન્સર હોવાનું જણાવે છે. શિરીષ રત્નાની આ બીમારીની પહેલાંથી જ જાણ હતી. શિરીષ રત્નાને કૅન્સરની જાણ થવા દેવા માગતો નહોતો. રત્નાના સાથે શિરીષને સુખમાં દિવસો પસાર કરવા હતા. શિરીષ રત્નાની ખુશી માટે ડૉક્ટર પાસે જવાનો ઇન્કાર કરતો હતો. રત્નાના શિરીષ સાથેના સંઘર્ષનું શમન થાય છે. જુઓ;

"આપણે શા માટે નક્કી જાણવું? હું નહોતો ઇચ્છતો કે તું પણ જાણે. આપણા આ થોડાક દિવસો મારે ખૂબ સુખમાં વિતાવવા હતા. રત્ના! તું નથી સમજતી, હું તને ચાહું છું? ખૂબ જ ચાહું છું?" (પૃ. ૧૧૬)

રત્નાની શારીરિક પીડાનું શમન નથી. જુઓ;

"ખરાબ જાતનું કૅન્સર હતું. મટવાની કોઈ આશા નહોતી. અવકાશમાં ભૂલી પડેલી આધારહીન, અવલંબનહીન રત્નાએ છેક છેલ્લી માનવઊર્મિથી એક છેલ્લી વિજયોન્માદભરી દૃષ્ટિ શિરીષના ચહેરા સામે નાખી." (પૃ. ૧૧૬)

આ રીતે ક્રોધની વાર્તાઓને જોતાં સમજાય છે કે સ્ત્રીના ક્રોધનું કારણ પુરુષ જવાબદાર પરિબળ બને છે. જેમાં સ્ત્રી પતિ વિરુદ્ધ અવાજ ઊઠાવતી જોવા મળે છે. 'પ્રયાગ' વાર્તામાં મા પોતાના સંતાનને ખૂબ પ્રેમ કરે છે. પરંતુ તે અન્ય જ્ઞાતિની યુવતી સાથે લગ્ન કરતાં તેના પિતા ઘરમાંથી બહાર કાઢી મૂકે છે. મા તેને પાછો લાવવા ઘણા પ્રયત્નો કરે છે. અંતે દીકરો મૃત્યુ પામતાં પતિ સાથે ઝઘડતી જોવા મળે છે. જેથી તેનો

પતિ તેની ભૂલ સ્વીકારતાં સંઘર્ષમાંથી મુક્ત થતી જોવા મળે છે. 'હું ચાહું છું' વાર્તામાં સ્ત્રીને કૅન્સર હોવા છતાં પતિ તેને અવગણ્યા કરે છે. અંતે પતિ માફી માગે છે. આ રીતે ક્રોધ અનુભવતી સ્ત્રીઓ સંઘર્ષમાંથી મુક્ત થતી જોવા મળે છે.

## પ્રકરણ સમાપન

ઉપર્યુક્ત અભ્યાસના આધારે એ નિષ્કર્ષ પર આવી શકાય છે કે નિરાશાની કુલ અઢાર વાર્તાઓમાંથી દસ વાર્તાઓમાં સ્ત્રીના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે, જ્યારે આઠ વાર્તાઓમાં સ્ત્રી સંઘર્ષમાંથી મુક્ત થતી નથી. નિરાશા અનુભવતી લાજુ, શંકુતલા, તરુ, અમોલા, મંગળા, લીલા, ચૈતાલી વગેરે નાયિકા પરિસ્થિતિનો સ્વીકાર કરીને પોતાના જીવન અંગે નિર્ણય લેતી જોવા મળે છે. 'દીકરીનું ધન', 'નો કૉમેન્ટસ', 'મગમાળા', 'નર્તનમૂર્તિ','એક વખત' વગેરે વાર્તાઓની નાયિકા પોતાની ઇચ્છા પૂર્ણ ન કરી શકતાં સંઘર્ષમાંથી મુક્ત થઈ શકતી નથી.

પીડાની સત્તર વાર્તાઓમાંથી અગિયાર વાર્તાઓમાં સ્ત્રી સંઘર્ષમાંથી મુક્ત થતી જોવા મળે છે. જ્યારે પાંચ વાર્તામાં સ્ત્રી સંઘર્ષમાંથી મુક્ત થતી બતાવી નથી. આ વાર્તાઓમાં નાયિકા ગમે તેવી વિકટ પરિસ્થિતિ ઊભી થઈ હોવા છતાં તેમાંથી બહાર નીકળતી જોવા મળે છે. 'કવિના પ્રેમપત્રો' વાર્તામાં નાયિકાનો સંઘર્ષ તીવ્ર બનતાં તે પ્રેમી સાથે લગ્ન ન કરવાનો નિર્ણય કરી લેતી જોવા મળે છે. જ્યારે 'અંધારી રાત' વાર્તામાં દીકરી ખોવાઈ જતાં નાયિકાની પીડા તીવ્ર બને છે. તેમાંથી તે બહાર નીકળવા તે પોતાની દીકરીની શોધખોળ કરે છે. અંતે દીકરી પાછી મળતાં તેના સંઘર્ષનું શમન થાય છે. પોતાના પતિને છૂટાછેડા આપવાનો નિર્ણય કરતી 'બુડથલ'ની નાયિકા પીડામાંથી મુક્ત થતી બતાવી છે. જન્મથી જ બોડકી હોવાથી હડધૂત થતી 'આશા'ની નાયિકા સ્વતંત્ર રીતે જીવન જીવવાનું નક્કી કરે છે. 'નર્મદા' વાર્તાની નાયિકા પોતાના

પતિની પ્રેમિકાનો સ્વીકાર કરીને જીવન જીવતી બતાવી છે. વિધવાવસ્થાને કારણે પીડા અનુભવતી 'રક્ષાબંધન' અને 'ગઈકાલની ખાનદાની' વાર્તામાં સ્ત્રીના સંઘર્ષનું શમન થતું નથી.

ત્યારબાદ આવતા અફસોસના જૂથની સાત વાર્તાઓમાંથી પાંચ વાર્તાઓમાં સ્ત્રીના સંઘર્ષનું નિરાકરણ પ્રાપ્ત થાય છે, જ્યારે બે વાર્તાઓમાં નિરાકરણ પ્રાપ્ત થતું નથી. 'કલાકારની પત્ની' વાર્તામાં પોતાની અપેક્ષા મુજબનો પતિ ન મળતાં લગ્નનો નિર્ણય ખોટો લીધાનો અફસોસ કરે છે. જેના પરિણામે તેના પતિનો સ્વીકાર કરીને જીવન જીવે છે. પ્રેમી પરથી વિશ્વાસ ઊઠી જતાં લગ્ન ન કરવાનો નિર્ણય કરતી 'અનિવાર્ય સંજોગોને લીધે' વાર્તાની શાશ્વતી છે. 'એ વાત ખોટી છે' વાર્તાની નાયિકા સંઘર્ષમય પરિસ્થિતિના કારણે માનસિકતા ગુમાવી બેસે છે.

ભયની પાંચ વાર્તાઓમાંથી બે વાર્તાઓમાં સ્ત્રીના સંઘર્ષમય પરિસ્થિતિમાંથી બહાર નીકળતી જોવા મળે છે, જ્યારે ત્રણ વાર્તાઓમાં સ્ત્રી સંઘર્ષમાંથી મુક્ત થતી નથી. 'મયંકની મા' અને 'પ્રાર્થન' વાર્તામાં મા પોતાના સંતાનોના ભવિષ્યની ચિંતા કરી કાલ્પનિક ભય અનુભવે છે, જેમાંથી તે મુક્ત થતી નથી.

ઈર્ષ્યાની ચાર વાર્તાઓમાંથી ત્રણ વાર્તાઓમાં સ્ત્રીના સંઘર્ષનું શમન થાય છે, જ્યારે એક વાર્તામાં સ્ત્રીની ઈર્ષ્યાનું શમન થતું નથી. બે સ્ત્રીઓ વચ્ચે સમાધાનકારી વલણ દાખવતાં 'મનામણાં', 'મનસ્વિની' અને 'હરીફ' વાર્તાની નાયિકાઓ ઈર્ષ્યાના સંઘર્ષમાંથી મુક્ત થાય છે, જ્યારે પતિની સ્ત્રીમિત્રના કારણે નાયિકાની ઈર્ષ્યાનું શમન થતું નથી.

ઘૃણાની ત્રણ વાર્તાઓમાંથી એક વાર્તામાં સ્વતંત્ર નિર્ણય લેતી નાયિકા સંઘર્ષમાંથી મુક્ત થાય છે, જ્યારે 'શિવનારાયણ' અને 'એક મુસાફરી' વાર્તાની નાયિકા

પુરુષ પ્રત્યેની ચીડના કારણે સંઘર્ષમાંથી મુક્ત થતી નથી. ક્રોધની બે વાર્તાઓમાં સ્ત્રી પતિ વિરુદ્ધ અવાજ ઊઠાવતાં સંઘર્ષમાંથી મુક્ત થતી જોવા મળે છે.

આ રીતે સમગ્ર જૂથને તપાસતાં જણાય છે કે કુલ ૫૬ વાર્તાઓમાંથી ૩૫ વાર્તાઓમાં સ્ત્રીના સંઘર્ષનું નિરાકરણ મળે છે, જ્યારે ૨૧ વાર્તાઓમાં સ્ત્રીના સંઘર્ષનું નિરાકરણ પ્રાપ્ત થતું નથી. આ ઉપરથી કહી શકાય કે વાર્તાકારની વાર્તાઓમાં સ્ત્રીના સંઘર્ષનું સમાધાન થતી વાર્તાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે.